જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૩૦/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૩૩ | ૨૩ | ૧૦૯૫૬ | ૧૭૦૭૪ | ૨૨ | ૧૭૦૯૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૫૯૦ | ૧૯ | ૪૬૦૯ | ૬૧૧૧ | ૧૯ | ૬૧૩૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૮ | ૦ | ૫૮ | ૨૩૯ | ૦ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૮૪૩૨ | ૨૪૫ | ૧૮૬૭૭ | ૧૯૪૬૭ | ૨૫૨ | ૧૯૭૧૯ |
| | કુલ | ૩૪૦૧૩ | ૧૮૭ | ૩૪૩૦૦ | ૪૨૮૯૧ | ૨૯૩ | ૪૩૧૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૧ | ૧૧,૩૫,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૬૪ | ૩૦,૬૪,૦૦૦/- |

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

**તા.૦૯/૧૨/૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી બીઅરની બોટલ નંગ-૬૦ કિ રૂ ૦૯,૦૦૦/- તથા એસેન્ટ ગાડી કિમત રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૦૯,૦૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતી નરોડા સર્વેલંસ પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશન/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંસ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા. દરમ્યાન સાથેના એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ બ.નં-૧૨૩૨ નાઓની બાતમી હકીકત આધારે "નરોડા રણાસણ ટોલટેક્ષ સામે આવેલ દર્શન હોટલના પાર્કીંગમાંથી ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ નંગ- ૬૦ કિ રૂ ૦૯,૦૦૦/- તથા એસેન્ટ ગાડી નં- જી.જે-૦૮-બીએચ-૯૩૯૪ કિ રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૦૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે તા.૦૯/૧૨/૨૦૨૦ ના કલાક ૧૬/૦૦ વાગે નહી પકડાયેલ એસેન્ટ ગાડી નં- જી.જે-૦૮-બીએચ-૯૩૯૪ ના ચાલક નુ પોકેટ કોપની મદદથી સોધી તેના વિરુધ્ધ ધી પ્રોહી કલમ - ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા.૦૯/૧૨/૨૦૨૦.

**આરોપીનુ નામ** એસેન્ટ ગાડી નં- જી.જે-૦૮-બીએચ-૯૩૯૪ નો ચાલક જેનુ નામઠામ મળી આવેલ નથી તે

**મુદ્દામાલ** ભારતીય બનાવટના વિદેશી બીઅરની બોટલ નંગ-૬૦ કિ રૂ ૦૯,૦૦૦/- તથા એસેન્ટ ગાડી નં- જી.જે-૦૮-બીએચ-૯૩૯૪ કિ રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૧,૦૯,૦૦૦/- નો મુદ્દામાલ

**કામગીરી કરનાર કર્મચારી**

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા પો.કો.કિરણ કલપ્પા બ.નં.૮૪૫૨ તથા પો.કો.પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩, પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર.ધુમકેતુ આત્મારાભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર.મયુરધ્વજસિંહ અનીરૂધ્ધસિંહ બ.નં.૧૪૬૭.



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૩૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૭૬ બિયર ટીન, ૩ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૩૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૧૩૩/૨૦૨૦

**વસ્ત્રાપુરઃ** જીગેશભાઇ શૈલેષભાઇ વ્યાસ (રહે. ગોપીનાથ સોસાયટી ડ્રાઇવ ઇન રોડ હીમાલયા મોલ સામે વસ્ત્રાપુર) એ તા.૦૯/૧૨/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૩૦/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની તિજોરીમાંથી રોકડ રૂપિયા ૬૪,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૧૩૪/૨૦૨૦

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નિલદીપભાઈ અમિતકુમાર ગૌર (ઉ.વ.૩૯) (રહે. સુવિધીનાથ બંગલોઝ કોમળ એપાર્ટમેન્ટ પાસે પીટી કોલેજ રોડ પાલડી) તા.૦૮/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે એન.આઈ.ડી. પાછળ રિવરફ્રંટ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા નિલદીપભાઈ પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ માનવ શૈલેશભાઈ ગૌર એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અનિશભાઈ ઈસરાઈલભાઈ શેખ (ઉ.વ.૫૨) (રહે.સિમેન્ટ્વાળી ફેકટરી ગણેશનગર પીરાણા પીપળજ રોડ નારોલ) તા.૦૯/૧૨/૨૦૨૦ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે પિરાણા ચાર રસ્તાથી પીપળજ જતા પોપટકાકા હાઉસ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા અનિશભાઈને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ અસ્લમભાઈ શેખ એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૩૫/૨૦૨૦**

**વાડજઃ** રસ્મીબહેન વા/ઓ ભાર્ગવભાઇ ઠાકર (ઉ.વ.૩૭) (રહે. શ્રીનાથ એપાર્ટમેન્ટ અખબારનગર પાસે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૦ કલાક ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ કડામાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**નરોડાઃ** ટીશા ડો/ઓફ અજીતભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે. હંસપુરા રેસીડેન્સી ગેલેક્ષી-૮૮ ની બાજુમા દહેગામ રોડ નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

**ઓઢવઃ** અનિલભાઈ ડાહયાભાઈ પટેલ (ઉ.વ.૩૪) (રહે. તક્ષશીલા ઈક્કોગ્રીન એપાર્ટ્મેન્ટ યુ.એસ.પીઝા પાછળ એસ.પી.રીંગ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/ ૧૨ /૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં શાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરિટસિહ ગણપતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી